# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# Dev Diwali-Guru Nanak Jayanti

આજે રાજ્યભરમાં દેવ દિવાળી અને શીખ ધર્મનાં પ્રથમ ગુરુ એવા ગુરુનાનક દેવજીની 555મી જન્મ જયંતીની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

યાત્રાધામ શામળાજી ખાતે ગુરૂ પૂર્ણિમા પ્રસંગે વહેલી સવારથી રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવી રહ્યા છે. અહીં ચાલી રહેલા કાર્તિકી પૂનમના મેળાનાં છેલ્લાં દિવસે આજે ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો...પૂનમ પ્રસંગે ભગવાન શામળિયાને વિવિધ આભૂષણોથી શણગાર કરવામાં આવ્યો છે.

અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણનો અહેવાલ.....

(બાઇટ-અંકિત ચૌહાણ, વોઇસ કાસ્ટ, અરવલ્લી )

અમારા જામનગર જિલ્લના પ્રતિનિધી જગત રાવલ જણાવે છે કે, ગુરુદ્વારે ગુરુસિંઘ સભામાં નાનક જયંતી ધામધૂમથી મનાવવામાં આવી રહી છે. ગુરુદ્વારા ખાતેથી પ્રભાત ફેરી આયોજન કરવામાં આવ્યું હતું અને સેજ સાહેબનો આરંભ કરવામાં આવ્યો હતો. શબ્દ કીર્તન પછી ગુરુ કે લંગર મહાપ્રસાદનું પણ આયોજન કરવા આવ્યુ છે, જેમાં શીખ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

અમારા મોરબી જિલ્લાના પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે, સિંધુ ભવન ખાતે  ગુરુનાનક દેવની જન્મજયંતીની ઉજવણી ભવ્ય અને દિવ્ય રીતે કરવામાં આવી હતી સિંધી સમાજ દ્વારા અખંડ પાઠનું આયોજન કરાયું હતું. નવ દિવસથી ચાલી રહેલા પાઠની આજે પુર્ણાહુતી

કરવામાં આવી હતી. બપોરે લંગર પ્રસાદનો લાભ લેવા સિંધી સમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

----------------------------

## Spitting in public

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને જાહેરમાં થૂંકનારા અને પાનની પિચકારી મારતા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. શહેરનાં 120થી વધુ જંક્શન પર 2 હજારથી વધુ સીસીટીવી કેમેરાથી નજર રાખવામાં આવશે. જો, કોઈ વ્યક્તિ ટ્રાફિક જંક્શન પર થૂંકતા પકડાશે તો તેનો ફોટો પાડી ઘરે મેમો મોકલવામાં આવશે અને 100 રૂપિયાનો દંડ વસુલવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે શહેરના જંક્શન પર લાગેલા સીસીટીવી કેમેરાથી સતત મોનિટરિંગ કરવામાં આવશે. હવે સીસીટીવી મારફતે પણ દંડની કાર્યવાહી કરવામાં આવશે.

વર્ષ 2023માં જાહેરમાં થૂંકતા 2 હજાર 773 લોકોને ઈ-મેમો આપવામાં આવ્યા હતા. જ્યારે 2024માં મે મહિના સુધીમાં 1976 લોકોને ઈ-મેમો આપવામાં આવ્યો છે. દોઢ વર્ષમાં જાહેરમાં થૂંકતા 4 હજાર 749 લોકોને ઈ-મેમો આપવામાં આવ્યા છે.

કોર્પોરેશન દ્વારા શહેરમાં વધુ 100 સ્થળોએ હવાની ગુણવત્તા તપાસવા માટેના સેન્સર લગાવવામાં આવશે. આવા સેન્સર લગાવનાર

અમદાવાદ દેશનું પ્રથમ શહેર હશે. જ્યાં હવાની ગુણવત્તા વધારે ખરાબ હશે ત્યાં મિસ્ટ મશીનથી તાત્કાલિક પાણીનો છંટકાવ કરવામાં આવશે.

15થી 20 કરોડ રૂપિયાનાં ખર્ચે આવા 100 AQI સેન્સર લગાવવામાં આવશે.

.................

## Hansot Accident

ભરૂચ જિલ્લાના હાંસોટના શેરા ગામ નજીક આજે વહેલી સવારે થયેલા માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિનાં મૃત્યુ થયા છે.

પુર ઝડપે જતી કાર વૃક્ષ સાથે અથડાતાં સર્જાયેલા અકસ્માતમાં કારમાં સવાર ત્રણ વ્યક્તિનાં મૃત્યુ થયા છે. એક પરિવાર ભાવનગરથી સુરત જઇ રહ્યો ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. હાંસોટ પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે.

--------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

....................................

## Ambaji Kumbhariya Loot

અંબાજીના કુંભારિયા જૈન મંદીર દર્શને આવેલાં સુરતનાં પરિવારની થયેલી લૂંટનો ભેદ છ દિવસમાં ઉકેલવામાં આવ્યો છે. જૈન દેરાસર ખાતે દર્શન યાત્રાએ આવેલા સુરતનાં શ્રદ્ધાળુની ગાડીનાં કાચ તોડીને લૂંટારાઓ 80 તોલા સોનાનાં દાગીના અને દોઢ લાખ રૂપિયાની લૂંટ કરી ફરાર થયા હતા.

બનાસકાંઠા પોલીસે સઘન તપાસ હાથ ધરીને માત્ર 6 દિવસમાં જ લૂંટારાઓની ધરપકડ કરી હતી અને ચોરીનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઓફિસમાં સુરતનાં રહેવાસી અને તેના પરિવારના સભ્યોને ચોરાયેલું સોનું પરત આપવામાં આવ્યું હતું.

-----------------------------------

## Gift City

આજે ગિફ્ટ સીટી ખાતે બીજી ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીનો પ્રારંભ થયો છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આજે યુનિવર્સિટી ઓફ વોલોન્ગ ગોંગ ઓસ્ટ્રેલિયાનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, આ યુનિવર્સિટી ભારતમાં ત્રીજા ક્રમની મોટી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી છે. ગિફ્ટી સિટી ફિનટેક, આઇટી અને ફાઇનાન્સિલ હબ નહીં પરતું આંતરરાષ્ટ્રીય શિક્ષણ ક્ષેત્રનું હબ પણ બની રહ્યું છે.

--------------

## COP 29

રાજ્યના ઉર્જામંત્રી કનુભાઈ દેસાઇએ અઝરબૈજાનના બાકુમાં ચાલી રહેલી-COP29 પરિષદમાં જણાવ્યું છે કે, ગુજરાત પુનઃપ્રાપ્ય ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રણી બની રહ્યું છે.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ-GUVNLના મેનેજિંગ ડિરેક્ટર જયપ્રકાશ શિવહરેએ ઉર્જા-સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે રાજ્યની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

---------------

## MEHSANA-KAPAS AAVAK

મહેસાણાના ઊંઝા પાસે આવેલા ઉનાવા માર્કેટયાર્ડમાં દૈનિક 13 ગાડી કપાસની  સારી આવક થઈ રહી છે.

મહેસાણાના અમારાં પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે કપાસના મણનો ભાવ 1 હજાર 151 થી લઈને 1 હજાર 530 રૂપિયા સુધીના રહ્યા હતા. ખેડૂતો પોતાના માલનું વેચાણ કરવા માર્કેટયાર્ડમાં આવી રહ્યા છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા હોવાથી ખેડૂતો ખુશ જોવા મળી રહ્યા છે.

---------

# GIRSOMNATH- JAN JATIY DIVAS

ગીરસોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ચિત્રાવડ ખાતે જન જાતીય દિવસ ની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ કહ્યું કે આદિવાસી સમાજ માટે આ ગૌરવનો દિવસ છે. આજે ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીના પ્રસંગે આદિવાસી બહુમતી ધરાવતા વિસતારોમાં સરકરની વિવિધ યોજનાના લાભો અપાયા હતા.

---------------------------